| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK010029812025 | सत्यमेव जयते | દાખલ તારીખ | ૨૮/૦૨/૨૦૨૫ | | |
| | | રજીસ્ટર્ડ તારીખ | ૨૮/૦૨/૨૦૨૫ | | |
| | | નિકાલ તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૧ | ૦૦ | ૨૩ |

---

**બનાસકાંઠા જિલ્લાના મહે.મોટર એકસી.કલેઇમ ટ્રીબ્યુનલ (સહાયક) અને મહે.ત્રીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**

**મું.પાલનપુર.**

---

**એમ.એ.સી.રિવ્યુ અરજ નં.૦૪/૨૦૨૫**
**આંક :–**

**મર્હુમ ભારતીબેન કાન્તિભાઇ ભરથરીના વારસો :–**

(૧) કાન્તિભાઇ જકસીભાઇ ભરથરી,
ઉં.વ.આ.૩૩, વ્યવસાય–ખેતી તથા મજુરી,
આધારકાર્ડ નં.407647908962, પાનકાર્ડ નં.FXIPB6694H.

(૨) હરજીભાઇ કાન્તિભાઇ ભરથરી,
ઉં.વ.આ.૧૦, વ્યવસાય–અભ્યાસ,
આધારકાર્ડ નં.246799135387, પાનકાર્ડ નં.GRPB9923D.

(૩) ભેડીબેન કાન્તિભાઇ ભરથરી,
ઉં.વ.આ.૦૭, વ્યવસાય–અભ્યાસ,
આધારકાર્ડ નં.992653238634, પાનકાર્ડ નં.GRKPB0221H.
અરજદાર નં.(૨)થી (૩) સગીર હોઇ, તેમના કુદરતી વાલી તરીકે
અરજદાર નં.(૧) મારફતે,
તમામ રહે.આસેડા, તા.ડીસા, જિલ્લો–બનાસકાંઠા.

**....અરજદાર**

**વિરૂધ્ધ.....**

(૧) પંકજકુમાર મોહનલાલ સોની,
ઠે.સોની બજાર, નવા ડીસા,
તા.ડીસા, જિલ્લો–બનાસકાંઠા.

(મો.વા.નં.જીજે–૦૮–બીએચ–૦૧૫૨ના માલિક)

(૨) ટાટા AIG જનરલ ઇન્સ્યોરન્સ ક્રાું.લીમી.,
હે.૨૦૧, ૨૦૫ અભિજીત–૩, મેયર બંગ્લોઝની સામે,
મીઠાખળી ક્રોસ રોડ, મીઠાખળી, અમદાવાદ.
(મો.વા.નં.જીજે–૦૮–બી.એચ.–૦૧૫૨ની વિમાકંપની)

**....સામાવાળા**

---

અરજદાર તર્ફે વિ.વકીલ શ્રી ડી.ડી.સ્વામી.
સામાવાળા નં.(૧) તર્ફે વિ.વકીલ શ્રી વાય.પી.ચાવડા.
સામાવાળા નં.(૨) તર્ફે વિ.વકીલ શ્રી બી.એ.રાવલ.

---

**બાબત :–** સી.પી.સી. ઓર્ડર–૪૭, રૂલ–૧ તથા ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ–૨૨૯ તથા ૧૫૧ અન્વયે અરજી.

---

**–// ચૂકા દો //–**

(૧) અરજદારે અકસ્માતનો જે બનાવ બનેલો તેમાં અરજદારની પત્ની, ત્રણ બાળકો અને તેને જે ઇજાઓ થયેલી તેમાં તેની પત્ની તથા પુત્રીને ઇજાઓ થતાં મૃત્યુ પામેલી તેનું વળતર મેળવવા માટે એમ.એ.સી.પી. નં.૧૧૧/૨૦૨૧ની દાખલ કરેલ હતી.

(૨) અરજદારે સદરહું વળતર અરજી એમ.એ.સી.પી.નં.૧૧૧/૨૦૨૧ પેન્ડીંગ હતી તે દરમ્યાન સામાવાળા ઇન્સ્યોરન્સ કંપની સાથે સમાધાન કરતાં નામદાર ટ્રીબ્યુનલે એમ.એ.સી.પી. નં.૧૧૧/ ૨૦૨૧ના કામે નેશનલ લોકઅદાલતમાં સદર અરજી પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન મુજબ રૂપીયા ચૌદ લાખનો એવોર્ડ અને હુકમનામું સમાધાન મુજબ કરી આપેલું.

(૩) અરજદારના વિ.વકીલ શ્રીએ વધુમાં જણાવેલ છે કે, જયારે અરજી દાખલ કરવામાં આવેલી ત્યારે તેમના સગાવહાલાઓ તેમને મળવા આવેલા અને માહિતી પુરી પાડેલી તેમાં અરજદારો પૈકી અરજદાર નં.

(૩) ભેડીબેન હતા જેનું હુલામણું નામ ઢેલીબેન પણ હતું તેથી શરતચુકમાં એકના એક ભેડીબેનની સાથે અન્ય એક અરજદાર ઢેલીબેનને પણ દર્શાવી દીધેલા, પરંતુ ખરેખર ઢેલીબેન નામની કોઇ દિકરી હતી નહીં. આ કામે તે શરતચુકને લીધે નામદાર ટ્રીબ્યુનલે પણ પોતાના હુકમનામામાં એવોર્ડની રકમ દરેક અરજદારોને સરખે હિસ્સે ચુકવી આપવાનો હુકમ કરેલ છે. આ કામે ઢેલીબેન નામની કોઇ દિકરી ન હોવાથી તેના નાંણા બાકીના અરજદારો ઉપાડી શકેલ નહીં. તેથી જે શરતચુક દુર કરવા માટે તેમને હાલની આ અરજી દાખલ કરવાની જરૂર પડેલ છે.

(૪) તેમણે વધુમાં જણાવેલ છે કે, હાલની આ અરજી દાખલ કરવામાં જે વિલંબ થયેલ તે વિલંબ માફ કરવા માટે તેમણે અલગથી એમ.એ.સી. એમ.એ.નં.૨૭૭/૨૦૨૫ દાખલ કરેલ. જે ટ્રીબ્યુનલે તા.૪/૮/૨૦૨૫ ના રોજ મંજુર કરેલી. આમ હાલની આ અરજીમાં સામાવાળાઓને કોઇ નુકશાન નથી. અરજદારો તર્ફે શરતચુક થયેલ છે અને સામાવાળાઓએ લોકઅદાલતમાં સમાધાન કરી તેના નાણાં પણ જમા કરાવી દીધેલ છે જે નાણાં અરજદારોએ ઉપડાવા માટે અરજી કરતાં તેમને આ શરતચુક ધ્યાનમાં આવેલ છે, જેથી તેમણે હાલની આ અરજી મંજુર કરી મૂળ એવોર્ડના હુકમ તથા હુકમનામામાં જે ચાર અરજદારો દર્શાવેલા છે તે ચાર અરજદારો પૈકી અરજદાર નં.(૪) ઢેલીબેન છે તે ખરેખર કોઇ વ્યકિત જ ન હોવાથી તેમનું નામ દુર કરી એવોર્ડમાં સુધારો કરી એવોર્ડની જે રકમ પક્ષકારો વચ્ચે નકકી થયેલ છે તે જ રકમ બાકીના ત્રણ કલેમન્ટો/અરજદારોને સરખે હિસ્સે વહેંચી આપવા માટે રજુઆત કરેલ છે. તેમણે વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદાર નં.(૨) અને (૩) જે સગીર છે તેઓના ભાગમાં આવતી પુરેપુરી રકમ એફ. ડી.આર.માં રાખવામાં આવે તો તેમને કોઇ વાંધો નથી. આમ તેમણે શરતચુક થયેલ હોવાથી હાલની આ અરજી જે ભુલ સુધારવા માટે રજુ કરેલ છે અને તે મંજુર કરવા માટે દલીલો કરેલ છે.

(૫) આ કામે સામાવાળાઓને નોટીસ કરતાં સામાવાળા નં.(૧)ના વિ.વકીલ શ્રીએ અરજી અન્વયે તેમના ઉપર વધારાની કોઇ નાણાંકીય જવાબદારી ન આવે તે રીતે જો અરજી મંજુર કરવામાં આવે તો પોતાને વાંધો નથી તેવો શેરો કરેલ છે. તેમજ સામાવાળા નં.(૨)ના વિ.વકીલ શ્રી બી.એ.રાવલે પણ લોકઅદાલતમાં સમાધાન થયેલ હોવાથી અને નાણાં પણ જમા થઇ ગયેલ હોવાથી અરજી ઉપર યોગ્ય તે હુકમ કરવામાં આવે તો વાંધો નથી તેમ અદાલત રૂબરૂ રજુઆત કરેલ છે.

(૬) અરજી વંચાણે લીધી. રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લીધા. આ કામે રેકર્ડ ધ્યાને લેતાં ગુજરનાર ભારતીબેનનું વાહન અકસ્માતમાં થયેલ મૃત્યુનું વળતર મેળવવા માટે કુલ ચાર અરજદારોએ વળતર અરજી દાખલ કરેલી. વિ.વકીલ શ્રીની રજુઆત પ્રમાણે જયારે ગુજરનારના વારસોના સગાવહાલાઓએ તેમને માહિતી પુરી પાડીને નામો જયારે ભેડીબેન (અરજદાર નં.૩) જે લાડમાં ઢેલીબેન તરીકે પણ ઓળખાતા હતા તે બન્ને નામ તેઓએ જણાવેલ હોવાથી અરજદાર તરીકે ઢેલીબેનને પણ જોડવામાં આવેલા, પરંતુ ખરેખર ભેડીબેન અને ઢેલીબેન એક જ છે. ઢેલીબેન નામની કોઇ વ્યકિત જ મરણ જનારની પુત્રી નથી. આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન પણ થયેલ હોવાથી અને સમાધાન મુજબની રકમ પણ અદાલતમાં વિમા કંપનીએ જમા કરાવી દીધલ હોવાથી જે શરતચુક થયેલ છે તે શરતચુક દુર કરવી યોગ્ય જણાય છે. નામદાર ટ્રીબ્યુનલે જયારે હુકમ કરેલ ત્યારે એવોર્ડની રકમ દરેક પક્ષકારના એક સરખા પ્રમાણમાં વહેંચવાનો હુકમ કરેલો. તેથી હાલના હુકમમાં પણ દરેક પક્ષકારને સરખી રકમ આપવાનો હુકમ કરવો યોગ્ય જણાય છે. ઢેલીબેન જે અરજદાર નં.(૪) છે તેમને પક્ષકાર તરીકે જે નામની કોઇ વ્યકિત જ ન હોવાથી દુર કરવામાં આવે છે, જયારે એવોર્ડની રકમ રૂપીયા ચૌદ લાખ ત્રણેય પક્ષકારો વચ્ચે સરખા ભાગે વહેંચવાનો હુકમ કરવામાં આવે છે. અરજદાર નં.(૧)ના હિસ્સામાં આવતી રકમમાંથી ૫૦% રકમ તેને રોકડમાં ચુકવી આપવી. તેમજ ૫૦% રકમની ફીકસ ડીપોઝીટ પાંચ વર્ષ માટેની કરાવવાનો હુકમ કરવામાં આવે છે. જયારે

અરજદાર નં.(૨) અને (૩) કે જેઓ અત્યારે પણ સગીર છે તેમને અગાઉની ટ્રીબ્યુનલના હુકમ મુજબ તેમના ભાગે આવતી પુરેપુરી રકમ ફીકસ ડીપોઝીટમાં શરૂઆતના તબકકે પાંચ વર્ષ માટે અને તે જયાં સુધી પુખ્તવયના ન થાય ત્યાં સુધી ઓટોમેટીક રીન્યુ કરવાની શરતે ફીકસ ડીપોઝીટમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે. સગીર પક્ષકારો તેનો પીરીયોડીકલ વ્યાજ મેળવવા માટે હકકદાર રહેશે. વ્યાજ તેમના સેવીંગ્સ ખાતામાં ચુકવી આપવું. આમ અરજી નીચે મુજબ મંજુર કરવામાં આવે છે.

**-// હુકમ //-**

(૧) અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) એમ.એ.સી.પી.નં.૧૧૧/૨૦૨૧ના કામે અરજદાર નં.(૪) ઢેલીબેન કાંતિભાઇ ભરથરીને પક્ષકાર તરીકેથી દુર કરવામાં આવે છે. તેમને પક્ષકાર તરીકે દુર કરેલ હોવાથી હુકમ અને હુકમનામામાં પણ તે મુજબનો સુધારો કરી નવેસરથી હુકમ અને હુકમનામું દોરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હવે પક્ષકારો ચારને બદલે ત્રણ થતાં હોવાથી સમાધાન મુજબ નકકી થયેલ રકમ રૂપીયા ચૌદ લાખ ત્રણેય પક્ષકારો વચ્ચે સરખે ભાગે વહેંચવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) હુકમ મુજબ હુકમ અને હુકમનામામાં સુધારો કરવો.

આ હુકમ આજ તારીખ-ત્રેવીસમી, માહે-માર્ચ, સને-બે હજાર છવ્વીસના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મું.પાલનપુર.
તા.૨૩/૦૩/૨૦૨૬

**(પીયૂષકુમાર અશોકભાઈ પટેલ)**
મહે.મોટર એકસી.કલેઇમ ટ્રીબ્યુનલ (સહાયક)
અને મહે.ત્રીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ,
બનાસકાંઠા-પાલનપુર.
કોડ નં.જી.જે.૦૦૮૦૩

/THAKER/